# જિલ્લા પંચાયત-કચ્છ

## શિક્ષણ શાખા

Phone: 02832-221103
Email: dpeokutch@yahoo.com


જિપંક/શિ/મકમ-૩/વધ-ઘટ બદલી/કેમ્પ/૨૦૨૪/૨૬૫૮-૨૭૦૩ તા- /૦૮/૨૦૨૪

પ્રતિ,

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
તા-(તમામ)-કચ્છ.

**વિષય:-** વધ-ઘટ બદલી કેમ્પ બાબત

**સંદર્ભ:-** (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક (પાર્ટ-૧), તા-૧૧/૦૫/૨૦૨૩
(૨) પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી, ગુ.રા-ગાંધીનગરના પત્ર ક્રમાંક: પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૪/ ૧૩૦૧-૫૨, તા-૧૬/૦૮/૨૦૨૪.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભ ૧ વાળા ઠરાવમાં થયેલ જોગવાઈ અનુસાર વિદ્યાસહાયક/શિક્ષકની બદલી અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. જે સબબ માન. નિયામકશ્રી, પ્રા.શિ. ગાંધીનગરના સંદર્ભ - ૨ વાળા પત્રથી સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભ ૧ વાળા ઠરાવમાં કરવામાં આવેલ જોગવાઈઓ અનુસાર તા-૨૦/૦૮/૨૦૨૪થી તા-૨૨/૦૮/૨૦૨૪ સુધીમાં વધ-ઘટ બદલી કેમ્પ કરવા બાબતની સુચના થઇ આવેલ છે.

જે સબબ કચ્છ જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં તા. ૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ મંજુર કરેલ વિદ્યાસહાયક / શિક્ષક મહેકમ કરતા શાળામાં વધારાના ફરજ બજાવતા વિદ્યાસહાયક / શિક્ષક ની બદલી વધ સરભર કરવા માટે વધ-ઘટ બદલી કેમ્પ સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભ - ૧ વાળા ઠરાવના પ્રકરણ - H "વધ ઘટ બદલી અને વધ પરત/સરભર બદલી" માં થયેલ જોગવાઈ અનુસાર આ સાથે રાખેલ સમય સારણી મુજબ રાખવામાં આવેલ છે. જેથી આપના તાલુકા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં વધવાળા શિક્ષકોને તમારી કક્ષાએથી ખાસ સૂચનાઓ સહિત ઉપરોક્ત બાબતોની લેખિતમાં જાણ કરવા આથી જણાવવામાં આવે છે.

### વધ - ઘટ બદલી કેમ્પ - ૨૦૨૨

| ક્રમ | તારીખ | તાલુકો | વિભાગ | સમય | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૨/૦૮/૨૦૨૪ | અબડાસા,લખપત,રાપર,ભચાઉ | પ્રાથમિક તેમજ ઉચ્ચ પ્રાથમિક | ૦૯:૩૦ થી ૧૦:૩૦ | સમિતી ખંડ જિલ્લા પંચાયત કચેરી, પ્રથમ માળે શિક્ષણ શાખાની બાજુમાં |
| ૨ | | નખત્રાણા,ગાંધીધામ | | ૧૦:૩૦ થી ૧૧:૩૦ | |
| ૩ | | માંડવી મુંદરા,અંજાર | | ૧૨:૦૦ થી ૧૩:૦૦ | |
| ૪ | | ભુજ | | ૧૫:૦૦ થી ૧૬:૦૦ | |
| ૫ | | જિલ્લાનો જનરલ વધ સરભર કેમ્પ | | ૧૬:૦૦ થી ૧૭:૦૦ | |

**ખાસ સૂચનાઓ :-**

તા-૧૧/૦૫/૨૦૨૩ વાળા શિક્ષણ વિભાગના ઠરાવનાના પ્રકરણ એચ ની જોગવાઇઓ તેમજ વખતો વખત થયેલા સુધારા ઠરાવની જોગવાઇઓ ધ્યાને લઇ તા-૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતીએ વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે મંજુર થયેલ મહેકમ મુજબ વધ થતા અને મુળ શાળા પરત આવતા શિક્ષકોને કેમ્પ માં હાજર રહેવા જાણ કરવાની રહેશે

1. નિમ્ન પ્રાથમિક વિભાગ (ધો.૧ થી ૫) માં વિદ્યાર્થી સંખ્યાના આધારે શાળાવાર મંજુર કરેલ મહેકમ કરતા વધારાના કામ કરતા અને શાળામાં આ વિભાગમાં સૌથી છેલ્લે હાજર થયેલા વિદ્યાસહાયક/શિક્ષકને વધ તરીકે ગણવાના રહેશે.

Scanned with CamScanner

2. ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધો.૬ થી ૮) માં વિદ્યાર્થી સંખ્યાના આધારે શાળાવાર મંજુર કરેલ મહેકમ મુજબ શિક્ષકો જાળવી રાખવાના રહેશે.

- જે સંજોગોમાં કોઇ એક વિષયમાં ૧(એક) કરતા વધારે વિદ્યાસહાયક/શિક્ષક કામ કરતા હોય અને વધની પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે તે વિષયમાં શાળામાં સૌથી છેલ્લે હાજર થયેલા વિદ્યાસહાયક/શિક્ષકને વધ તરીકે ગણવાના રહેશે.
- નિમ્ન પ્રાથમિક વિભાગ (ધો.૧ થી ૫) ના વિદ્યાસહાયક/શિક્ષક તે જ શાળામાં ધો.૬ થી ૮ નો વિકલ્પ લે અથવા વિકલ્પ લઇ બીજી શાળામાં જાય તો, તેવા કિસ્સામાં તેની પ્રાથમિક શિક્ષક (ધો.૧ થી ૫) ની સિનીયોરીટી ન ગણતા, ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધો.૬ થી ૮) માં વિકલ્પ લઇ પોતાની કે બીજી શાળામાં હાજર થયા તારીખ ધ્યાને લઇ વધ ગણવાની રહેશે.

3. વધમાં આવતા શિક્ષકોને તાલુકા કક્ષાએથી આ સાથે સામેલ રાખેલ સમયસારણી મુજબ હાજર રહે તે માટે વ્યક્તિગત લેખિત જાણ કરવાની રહેશે.

4. વિદ્યાસહાયક/શિક્ષક ની વધ બદલી થયેલ હોય અને મૂળ શાળામાં પોતાના વિભાગ/વિષયની ચોખ્ખી જગ્યા હોય તો, તે કિસ્સામાં વધ બદલી કેમ્પના હુકમ પછીના વધ-ઘટ કેમ્પ,વધ પરત કેમ્પ તથા જિલ્લા આંતરીક બદલી કેમ્પ સહિત કુલ-૫(પાંચ) કેમ્પ સુધી મૂળ શાળાની માંગણી કરી શકાશે. જેથી સંબંધિત વિદ્યાસહાયક/શિક્ષકને જરૂરી આધારો સાથે હાજર રહેવા આપની કક્ષાએથી જાણ કરવાની રહેશે.

5. શાળામાં વિભાગ/વિષયવાર વધ નકકી કરતી વખતે શાળામાં સૌથી છેલ્લા દાખલ થયેલ વિદ્યાસહાયક/શિક્ષક જો રાષ્ટ્રીય/રાજય સુરક્ષા ધારા હેઠળ અને ખાસ કિસ્સાના તબીબી કારણોસરનો લાભ મેળવીને બદલાઇને આવેલ હોય કે ૧૦૦ ટકા અંધત્વ ધરાવતા હોય તેઓને શાળામાં દાખલ તારીખથી ફકત ૩(ત્રણ) વર્ષ સુધી વધ ન ગણતાં, તે શાળામાં તેના સિવાય કામ કરતા જે તે વિભાગ/વિષયના છેલ્લે હાજર થયેલ વિદ્યાસહાયક/શિક્ષકને વધ ગણવાના રહેશે.

6. બી.આર.સી/સી.આર.સી/યુ.આર.સી./અન્ય જગ્યાએ પ્રતિનિયુક્તિ થી નિયુક્ત કરવામાં આવેલ હોય અને તેઓને રાજય સરકારશ્રી તરફથી વિદ્યાસહાયક/શિક્ષકમાં પરત મુકવામાં આવે કે તેઓની નક્કી કરેલ પ્રતિનિયુકિતનો સમયગાળો પૂર્ણ થયેથી તેઓને વિદ્યાસહાયક/શિક્ષકમાં પરત મુકવામાં આવે ત્યારે, તેઓની પ્રતિનિયુકિતનો સમયગાળો તેઓએ તે જ શાળામાં નોકરી કરી હોય તે રીતે ગણવાનો રહેશે એટલે કે તેમની પ્રતિનિયુકિત પૂર્વેની તે શાળામાં હાજર તારીખ ગણી વધ દૂર કરવાની રહેશે.

7. બી.આર.સી/સી.આર.સી/યુ.આર.સી./અન્યને પ્રતિનિયુક્તિ થી નિયુક્ત કરવામાં આવેલ હોય અને તેઓની પ્રતિનિયુકિત માટેની નિયત થયેલ સમય મર્યાદા પહેલા રાજીનામું આપી વિદ્યાસહાયક/ શિક્ષકમાં પરત આવે અથવા ડી.પી.સી. દ્વારા પ્રતિનિયુકિત રદ કરવામાં આવે તો તેઓને પ્રતિનિયુકિત પૂર્વેની શાળામાં જ પરત મુકવામાં આવે ત્યારે તેઓની પ્રતિનિયુકિત રદ કર્યા હુકમ બાદ પોતાની શાળામાં ફરી હાજર થયા તારીખ ધ્યાને લઇ વધ દૂર કરવાની રહેશે.

8. ફરજમોકૂફ થયેલ વિદ્યાસહાયક/શિક્ષક ફરજમોકૂફીના કારણે તેની શાળા બદલેલ હોય તો, જો તે તપાસ/કેસમાં નિર્દોષ ઠરે તથા હરજ મોકુફીનો સમયગાળો વિનિયમિત કરવામાં આવેલ હોય અને તેમની ફરજમોકૂફી પૂર્વેની શાળામાં પરત મુકવામાં આવેલ હોય તો, તેમની સિનીયોરીટી ફરજમોકૂફી પૂર્વેની શાળાની હાજર તારીખ ગણવાની રહેશે. જો દોષિત ઠરે/તપાસ કેસ ચાલુ/પડતર/આખરી નિર્ણય થાય ત્યાં સુધી ફરજ મોકુફીનો સમયગાળો વિનિયમિત કરવામાં ન આવે ત્યાં સુધી પુનઃ સ્થાપિત કરવા કરાયેલ હુકમની તારીખ સિનીયોરીટી માટે ગણી વધ દૂર કરવાની રહેશે. ફરજમોકૂફી હેઠળના શિક્ષક વધ ઘટ કેમ્પમાં ભાગ લઇ શકશે નહિ.

9. જન્મ તારીખ મુજબ વયનિવૃત્ત થયેલ શિક્ષક એ પોતાનો સત્રાંતે નિવૃત્તનો લાભ ચાલુ રાખેલ હોય તો અને તે શાળામા તેઓ પોતે વધ થતા હોય તો તેમને પણ વધમા બદલવાના રહેશે.

10. જે શાળામા જે-તે વિભાગ/વિષય મુજબ વધ થયેલ હોય તે શાળાના વિદ્યાસહાયક/શિક્ષકના બદલે તે જ શાળાના તે જ વિભાગ/વિષયના અન્ય વિદ્યાસહાયક/શિક્ષક લેખિત સંમતિથી વધવાળા શિક્ષકની સિનિયોરીટીના ક્રમે બદલાઇને જવા માંગતા હોય તો, તેમની સંમતિ વધથી બદલી કરવામાં આવશે, પરંતુ આવી બદલી બંને વિદ્યાસહાયક/શિક્ષકોની માંગણીની બદલી ગણાશે તથા કેમ્પમા બંને વિદ્યાસહાયક/ શિક્ષકના બદલી હુકમ કરવામાં આવશે. આવા સંમતિ વધથી ગયેલ વિદ્યાસહાયક/શિક્ષકને મૂળ શાળા/તાલુકા/જિલ્લા વધ પરતનો લાભ મળવાપાત્ર રહેશે નહી તથા બંનેની સેવાપોથીમાં હુકમની નોધ કરવામાં આવશે તથા આગામી ત્રણ

Scanned with CamScanner

વર્ષ સુધી બંને વિદ્યાસહાયક/શિક્ષક આંતરિક માંગણી કે આંતરિક અરસ-પરસ બદલીની માંગણી કરી શકશે નહી તેમજ આ પ્રકારનો લાભ સમગ્ર નોકરી દરમ્યાન એક જ વખત લઈ શકાશે.

11. વધ થનાર વિદ્યાસહાયક/શિક્ષક ને કેમ્પમાં ફરજીયાત હાજર રહી સ્થળ પસંદ કરવાનું રહેવાનું રહેશે. જો સ્થળ પસંદ ન કરે અથવા ગેરહાજર રહે તેવા કિસ્સામાં વિદ્યાસહાયક/શિક્ષક ને વધ-ઘટ બદલી સમિતિ દ્વારા એક તરફી હુકમ કરવામાં આવશે અને પાછળથી કોઈ હક્ક-દાવો કરી શકાશે નહિ.

12. વધ થનાર વિદ્યાસહાયક/શિક્ષક કોઈ કારણસર કેમ્પમાં ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તો ઓથોરીટીપત્ર સાથે તેમના પ્રતિનિધિને અધિકૃત કરી કેમ્પમાં ઉપસ્થિત રાખવાના રહેશે.

13. વધ થનાર / વધ પરત થનાર વિદ્યાસહાયક/શિક્ષકને એસ.એમ.એસ. કે ઈમેઈલ જેવા ઈલેક્ટ્રોનિક માધ્યમ થી પહોચાડવામાં આવેલ કોઈ પણ પ્રકારની સુચના, માહિતી, સંદેશ, હુકમ એ માન્ય પદ્ધતિથી કરવામાં આવેલ પત્ર વ્યવહાર ગણવામાં આવશે.

14. તાલુકા વધ પરતના કેમ્પમાં સૌ પ્રથમ તાલુકા બહાર ગયેલા વિદ્યાસહાયક/શિક્ષકને મૂળ તાલુકામાં પરત આવવા અંગેની માંગણી કરી શકાશે. પરંતુ આવા વિદ્યાસહાયક/શિક્ષક દ્વારા જે કેમ્પમાં સમાવેશ કરવામાં આવે અને તે કેમ્પમાં તે તાલુકામાં જગ્યા ઉપલબ્ધ હોવા છતાં તે વિદ્યાસહાયક/શિક્ષક દ્વારા ઉપલબ્ધ જગ્યાઓ પૈકી કોઈ એક જગ્યાની પસંદગી ન કરે અથવા કેમ્પમાં ગેરહાજર રહે તો ત્યારબાદ તે વિદ્યાસહાયક/શિક્ષક આ હેતુસર મૂળ તાલુકામાં પરત આવવાનો લાભ મળવાપાત્ર રહેશે નહિ. વિદ્યાસહાયક/શિક્ષકએ આ તક કાયમી જતી કરેલ છે ગણાશે. આવી તક જતી કરનાર વિદ્યાસહાયક/શિક્ષકને આ જોગવાઈ સબંધે ભવિષ્યમાં કોઈ જ મૂળ તાલુકા પરતની તક આપવાની રહેશે નહિ.

15. બદલીના સમર્થનમાં વિદ્યાસહાયક/શિક્ષક દ્વારા રજૂ કરેલ આધાર-પુરાવા સહિત તમામ પુરાવાઓની ખરાઇ કરવાની જવાબદારી જે-તે શાળાના/પગારકેન્દ્રના આચાર્યની તથા સબંધિત તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની રહેશે.

16. બદલીના સમર્થનમાં રજુ કરેલ માહિતી તથા આધાર પુરાવા ખોટા કે બનાવટી સાબિત થશે તો સબંધિત વિરુદ્ધ પંચાયત સેવા, શિસ્ત અપીલ નિયમો અનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

17. વધ બદલી કેમ્પમાં વધ થનાર કર્મચારીઓની સિનીયોરીટી યાદી, સંબંધિત શાળાનું માસિકપત્રક, સ્પષ્ટ ખાલી જગ્યાની વિગતો તથા તે અંગેના ચાર્ટ સાથે ઉપસ્થિત રહેવાનુ રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
ભુજ-કચ્છ

**બિડાણ:-**

(૧) પ્રમાણપત્ર
(૨) મૂળ શાળા વધ પરત પ્રમાણપત્ર
(3) મૂળ શાળા વધ પરત આવવા માંગતા વિદ્યાસહાયક/શિક્ષકની વિગત દર્શાવતું પત્રક

**નકલ સવિનય રવાના:-**

(૧) માન. પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ની કચેરી, ગાંધીનગર.
(૨) માન. ચેરમેનશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લો-કચ્છ.
(3) માન. જિલ્લા શિક્ષણાધિકારી શ્રી, જિલ્લા શિક્ષણાધિકારી શ્રીની કચેરી, જિલ્લો-કચ્છ.

**નકલ રવાના:-**

(૧) કેળવણી નિરીક્ષક શ્રી, તાલુકા પંચાયત કચેરી, તા-(તમામ)-કચ્છ.
(૨) બી.આર.સી. કો-ઓર્ડીનેટર શ્રી, બી.આર.સી. ભવન, તા-(તમામ)-કચ્છ.
(3) પ્રમુખ શ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, જિલ્લો-કચ્છ.
(૪) અધ્યક્ષ શ્રી, જિલ્લા શૈક્ષિક મહાસંઘ, જિલ્લો-કચ્છ.
(૫) કચેરી ફાઈલે

Scanned with CamScanner